

## સલામી સવારની..

સુપ્રભાતમ્
સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સુગંધ લાડુની લેવા સૂંઢ લાંબી રાખી છે અમે !
ભરાય નહીં એટલી મોટી ફાંદ રાખી છે અમે !
રાખ્યા છે દાંત, અલગ, ચાવવા - બતાવવાના,
વિસર્જન વિનાની, કાયમી સ્થાપના રાખી છે અમે !
(રાજકીય ગણેશો)

હાઈકુ

કરે છે મદદ!
ખોતરી ને ખાવામાં -
મોટા મૂષક...

છે ગતિશીલ,
ઉંદરના વાહને -
બેઠો વિકાસ !

### ચિંતન

*દ્રવત્વાત્સર્વલોહાનાં નિમિત્તાન્મૃગ પક્ષિણામ્ ।*
*ભયાલોભાચ્ચ મૂર્ખાણાં સંગતં દર્શનાત્સતામ્ ॥*

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા પ્રકરણ 'સામાન્ય નીતિ'નો આ શ્લોક છે :

લોઢું-તાંબુ-પિત્તળ વગેરે ધાતુઓમાં પીગળી જવાનો ગુણ હોવાથી એકમેક સાથે ભળી શકે છે. તેની 'સંગત' ઉપયોગી થાય છે.

પાલતું પ્રાણીઓ ગાય-ભેંસ-બકરાં અને પંખીઓમાં મેના-પોપટ વગેરે પણ માનવજાત સાથે સંગત કરવાથી એમને રક્ષણ મળે છે અને માણસને બધી રીતે ઉપયોગી થઈ શકે છે.

ઘણીવાર મૂર્ખ-મંદબુદ્ધિને પણ લોભ-લાલચ દ્વારા ભોળવી-તાલીમ આપી તેનો યાંત્રિક કાર્યમાં ઉપયોગ કરી શકાય છે.

તો કયારેક બૌધિકોને પણ સાર અને ગુણદોષ સમજાવી તેની બુદ્ધિ-શક્તિનો ઉપયોગ પણ થઈ શકે છે.

પરંતુ સદ્‌ગુણી - સંત - વિદ્વાનોનાં તો દર્શન માત્રથી તેમનું ઉપયોગીપણું સિદ્ધ થઈ જાય છે.

### સુવિચાર

- પ્રામાણિકતા વિરલ જણસ છે, આપણે પ્રામાણિક નથી એટલું કહેવા પૂરતા પણ આપણે પ્રામાણિક બની શકતા નથી - **હરીન્દ્ર દવે**
- જે વિચાર ઠોસ કાર્યમાં પરિણમતો નથી તે ગર્ભપાત સમાન છે - **નહેરુ**
- બાળક જેવા થશે તે સ્વર્ગના અધિકારી બનશે - **ઈસુ**
- જિંદગી કયારેય ન છિપાય તેવી તરસ છે, કોઈ એ તરસ માટીના પ્યાલાથી તો કોઈ સોનાના પ્યાલાથી તૃપ્ત કરે છે - **કૃષ્ણકાંત ઉનડકર**
- જે માણસ સાચા દિલથી ખડખડાટ હસી શકે છે તેના હૃદયમાં બુરાઈ નથી હોતી - **માર્ક ટ્વેઈન**
- હૃદયનાં પણ કારણો હોય છે, જેની સમજ બુદ્ધિને નથી - **પાસ્કલ**
- વિસ્મૃતિ એ જીવનનો વૈભવ છે - **સિતાંશુ યશચંદ્ર**
- આજનું ઔષધ : ફાલસાના ઝાડની છાલનો લેપ કરવાથી શારીરિક પીડા મટે છે

**(દીપક વી. આસરા)**

### બોધકથા

શુદ્ધ-પવિત્રતાના બે પ્રકાર છે બાહ્ય અને આંતરિક - સ્નાન-સ્થાનનું પાવિત્ર્ય જે પવિત્ર નદીઓના જળથી થાય છે તે બાહ્ય શુદ્ધિ અને મન-હૃદયના પવિત્ર વિચાર અને એવું આચરણ એ આંતરિક શુદ્ધ.

બે શિષ્યો ગુરુ આશ્રમથી ચાલતા પ્રયાગ જવા નિકળ્યા. અંધારી રાત અને ખૂબ વરસાદ હતો. સદાનંદ નામનો શિષ્ય થાક્યો હતો. તેણે રસ્તામાં એક પાકું મકાન જોયુ. તપાસ કરી તો જાણ થઈ એ તો એક વેશ્યાનું મકાન છે. સદાનંદ વેશ્યાની રજા લઈ બહારની રવેશમાં રોકાઈ ગયો.

ભાગ્યાનંદને યોગ્ય ન લાગ્યું તે પ્રયાગ પહોંચ્યો અને એક કૃષ્ણમંદિરમાં જન્માષ્ટમીના ભજન ચાલતાં હતાં ત્યાં રોકા ઈગયો. પણ ભાગ્યાનંદના મનમાંથી વેશ્યાનું ઘર અને મિત્ર શિષ્ય ત્યાં કેવા ભોગ ભોગવતો હશે તેની કલ્પનામાં રાત પસાર કરી, ભજનમાં તો તેનું ચિત્ત પરોવાયું જ નહીં.

સદાનંદ ત્યાં પરસાળમાં પડ્યો રહ્યો પણ મિત્ર ભાગ્યાનંદ પ્રયાગમાં સત્સંગમાં પવિત્ર સ્નાન કરતો હશે તેની કલ્પનામાં જ રાત પસાર કરી... સવારે બંને મળ્યા અને એકમેકને ભેટી પડ્યા. સદાનંદ તેના પવિત્ર વિચારને કારણે સત્સંગ ન કરી શક્યો એટલે રડ્યો. ભાગ્યાનંદ ભોગ ન ભોગવી શક્યો એટલે રડ્યો. આ છે તફાવત આંતરિક શુદ્ધિ અને બાહ્યશુદ્ધિનું...

# પર્વોનો ત્રિવેણી સંગમ

સંવત્સરી, ગણેશ ચતુર્થી અને શિક્ષક દિવસનો ત્રિવેણી સંગમ ઘણી પ્રેરણાદાયક ઘટના ગણાવી જોઈએ. ત્રણેય પર્વોનું એમના અનુયાયી વર્ગ માટે આગવું મહત્ત્વ છે. સંવત્સરી એ જૈનોના પર્વાધિરાજ પર્યુષણ પર્વની સમાપ્તિ - પૂર્ણાહૂતિનું પર્વ છે. પ્રતિક્રમણ કરીને જૈનો સર્વે જીવોની ક્ષમાપના કરે છે. મનવચન કાયાથી કોઈનું જાણ્યે કે અજાણ્યે ખોટું થઈ ગયું હોય તો એ અપરાધ બદલ વિનીતભાવે ક્ષમાયાચના કરવાથી આત્મા પ્રસન્નતા અનુભવે છે. આપણાં વિવિધ સ્તોત્રોમાં પણ 'મનસા વાચા કર્મણિ' આવાં જ ક્ષમાપના સૂત્રો સાંપડે છે. 'ક્ષમા' કોઈ નાની સૂની ચીજ નથી. શ્રીમદ્ રાજચંદ્ર એને 'મોક્ષનો ભવ્ય દરવાજો' કહી બિરદાવે છે. ક્ષમા કેવળ વીર જ આપી શકે, કાયરનું ગજું નથી કે એ પોતાના ગુનેગારને માફ કરી શકે. ક્ષમા વીરસ્ય ભૂષણમ્. જૈન ધર્મ એ દૃષ્ટિએ માનવીને ભગવાન બનવાની શક્યતા ચીંધનારી વિચારધારા છે. ભગવાન મહાવીર ત્યાગ, તિતિક્ષા અને ક્ષમાનું જીવંત ઉદાહરણ છે. પોતાને અનેક પ્રકારે પીડનારાઓને એમણે ઉદારતાપૂર્વક ક્ષમા આપી છે. અનેક ઉપસર્ગો સહી એમણે મનુષ્યાવતારમાં જ તીર્થંકરપદ પ્રાપ્ત કરી શકાય, કેવળ જ્ઞાન હાંસલ કરી શકાય એવું પ્રતિપાદિત કર્યું છે. ગણેશ આપણી સનાતન પરંપરાના પ્રથમ પૂજનીય દેવતા છે. એમને આ બહુમાન એમના વ્યક્તિત્વને લીધે

**તંત્રીસ્થાનેથી...**

પ્રાપ્ત થયેલ છે. ખુદ દેવાધિદેવ મહાદેવે પોતાના આ પરાક્રમી અને બુદ્ધિમાન પુત્રને આ પદ એનાયત કરવું પડ્યું છે. ઝીણી આંખે જોવું, ખુલ્લા કાને બધાની વાત સાંભળવી અને પરિસ્થિતિને સૂંઘીને આગળ વધવું - એ દૂંદાળા દેવનો જીવનસંદેશ છે. મોટું પેટ રાખી બધાને સમદૃષ્ટિથી જોવાનું શરૂ કરીએ તો આપણી કેટલીયે સમસ્યાઓ સામરી ઉકેલાઈ જાય. શિક્ષક દિન આપણા ફિલસૂફ રાષ્ટ્રપતિ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનના જન્મ દિવસ નિમિત્તે ઊજવાતું રાષ્ટ્રીય પર્વ છે. રાધાકૃષ્ણન્ ભારતીય તત્ત્વજ્ઞાનના પ્રકાંડ પંડિત હતા અને વિશ્વને પૂર્વની સંસ્કૃતિની સાચી ઓળખાણ કરાવી વર્ષો સુધી ગુલામી ભોગવનાર દેશની અંતર્નિહિત આધ્યાત્મિક ક્ષમતાના પ્રવક્તા તરીકે આખી દુનિયામાં એમની નામના છે. શિક્ષક જયારે બાપડું-બિચારું પ્રાણી બની રહેલ છે ત્યારે એમની સામે ચાણક્ય કથિત સૂત્ર ઉપરાંત જરુરી છે. આપણે 'ગુરુ' શબ્દનો સાચો અર્થ જ ભૂલી ગયા છીએ. ગુરુપદે કોઈ સંન્યાસી કે ધર્મગુરુ જ હોય તે જરુરી નથી. આપણો 'વિદ્યાગુરુ' પણ આપણે માટે રોલમોડલ બની શકે. મોરારિ બાપુને ગુણવંત શાહ 'લોક શિક્ષક' કહે છે, તો સામે મોરારિ બાપુ પ્રોફેસર ગુણવંત શાહ માટે 'શ્લોક શિક્ષક' જેવું કોમ્પ્લિમેન્ટ વાપરે છે. વિદ્યાગુરુએ એની ગરિમા ગુમાવી છે, છતાં આજે પણ કયાંક ને કયાંક કોઈ સાંદીપનિ, કોઈ ચાણક્ય, કોઈ વિક્રમ સારાભાઈ કે પી.સી. વૈદ્ય એમની સાધના કરતા જ હશે. આપણે આવા સાચા શિક્ષકોને શોધી કાઢીને એમનું નાગરિક સમ્માન યોજવું જોઈએ.

# ખેતીની જમીનમાં એન.એ. પરવાનગી માટેના નવા નિયમો : જમીનના શરત ફેર, હેતુ ફેર માટેના નવા નિયમો અમલી



કાયદો અને કાનૂન
અશ્વિન ત્રિવેદી

રાજયના કોઈપણ જીલ્લાનાં ખેડૂતોએ ખેતીની જમીનને બીનખેતી કે અન્ય હેતુ ફેર માટેની અરજીઓ જીલ્લા કલેકટરશ્રીને મોકલવાની રહે છે. આ માટે મહેસુલ વિભાગે જીલ્લા કલેકટરશ્રીઓને આવી અરજીઓના નિકાલ માટેની ગાઈડ લાઈન બહાર પાડી છે. જે મુજબ ૧૧ મુદ્દાઓની ચકાસણી કર્યા બાદ જ જીલ્લા કલેકટરશ્રી આવી અરજીનો નિકાલ કરી શકશે.

જીલ્લા કલેકટરશ્રીએ અરજી રજુ થયેથી સ્થળસ્થિતિનું પંચનામું તલાટી દ્વારા કરાવી ચકાસણી કરાવવાની રહેશે કે આવી જમીનમાં કાચું કે પાકું બાંધકામ થયેલું છે કે કેમ? આવી જમીનમાં કોઈપણ પ્રકારની હાઈ પાવર લાઈન પસાર થાય છે કે કેમ? ગેસની પાઈપ લાઈન કે ટેલીફોનની લાઈનો પસાર થાય છે કે કેમ? તેમજ શરત ફેરની અરજી વાળી જમીનમાં કોઈ જાહેર રસ્તો કે પગદંડી પસાર થાય છે કે કેમ? આવા જુદા જુદા ૧૧ પ્રકારના મુદ્દાઓની ચકાસણી કર્યા બાદ જ શરત ફેર, હેતુ ફેરની અરજીઓનો નિકાલ કરવામાં આવશે. જો આ પ્રકારના બાંધકામો થયેલા હોય તો જીલ્લા કલેકટરશ્રીએ મહેસુલ વિભાગમાં દરખાસ્ત મોકલી તેમનો અભિપ્રાય મેળવ્યા બાદ જ નિર્ણય લઈ શકાશે.

ગણોત ધારાની પ્રતિબંધીત જમીન માટે તથા નવી અને અવિભાજય પ્રકારની જમીનો માટે જમીન ખેતીમાં કે બીનખેતીમાં ફેરવવા માટે ખેતીના હેતુ ફેર માટે, શરત ફેર કરવા માટેના ચોક્કસ નિયમો છે તેનું પાલન કરીને જ આગળની કાર્યવાહી કરવામાં આવશે. ચેકલીસ્ટ પ્રમાણે દરખાસ્ત ના થવાથી આવી અરજીઓ રદ થાય છે તેમજ વધુ સ્પષ્ટતા માટે અરજી પરત કરવામાં આવે છે પરિણામે અરજદારનો સમય અને નાણાનો વ્યય થાય છે અને વિકાસ અટકે છે અને અરજી કરનારને કાયદાની ટેકનિકલ જાણકારીના અભાવે મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે અને જટીલ ગણોત કાયદા તથા જમીન મહેસુલ નિયમોમાં ફાઈલ અટવાય છે જેમાં સરળતા રહે તે માટે ૧૧ મુદ્દાની નવી ગાઈડ લાઈન મહેસુલ વિભાગે બહાર પાડી છે જે મુજબ :

(૧) જમીનમાં કાચું કે પાકું બાંધકામ કરેલ ના હોવું જોઈએ. (૨) આવી જમીનમાંથી હાઈટેન્શન પાવર લાઈન, ગેસ લાઈન, ટેલીફોન લાઈન કે જાહેર રસ્તો, પગદંડી હોવી ના જોઈએ. (૩) આવી જમીનમાં ૪૦ મીટર ત્રિજયામાં કોઈ રેલ્વે લાઈન પસાર થવી જોઈએ નહી. (૪) આવી જમીન એરપોર્ટથી નક્કી કર્યા મુજબના અંતરમાં હોવી જોઈએ એરપોર્ટને અડીને હોવી ન જોઈએ. (૫) જમીન સંપાદન ધારા મુજબ કોઈ નોટીસ બજેલ ના હોવી જોઈએ કે જમીન સંપાદનમાં હોવી ના જોઈએ.

(૬) જમીનના ઝોન પ્રમાણે બાંધકામ મળવા પાત્ર છે તેની વિગત આપવાની રહેશે.

(૭) દરખાસ્ત મામલતદારની નોંધથી જ મોકલેલ હોવી જોઈએ સીધી કલેકટરશ્રીને દરખાસ્ત કરેલ ના હોય. (૮) જો આવી જમીનમાં બાંધકામ કરવામાં આવશે તો ખાનગી, જાહેર કે સરકારી, વ્યક્તિગત હિતને નુકશાન થવું ન જોઈએ. (૯) અલગ સર્વે નંબરવાળી જમીનનું અલગ ટાઈટલ દર્શાવવું પડશે. બ્લોક એક હોય તો પણ સર્વે નંબરો અલગથી પ્લાન મુજબ દર્શાવવા પડશે.

(૧૦) જો જમીન શહેરી જમીન ટોચ મર્યાદા હેઠળ આવતી હોય તો તેની વિગતો રજુ કરવાની રહેશે.

(૧૧) જમીનનો જનસેવા એકમનો નંબર દર્શાવીને અરજી કરવાની રહેશે.

આમ, આ મુદ્દાઓ પરિપૂર્ણ થયા બાદ જ કલેકટરશ્રી દ્વારા દરખાસ્ત મંજુર કરવામાં આવશે. ત્યારબાદ જ હેતુ ફેર કે શરત ફેર કાર્યવાહી અરજદારે નિર્ણાયક સમય મર્યાદામાં નિયમો આધીન કરવાની રહેશે.

જીલ્લા કક્ષાએથી જ આવા પ્રકારની અરજીમાં જણાવેલ મુદ્દાઓની વિગતવાર છણાવટ-ચકાસણી કરી ત્યારબાદ જ દરખાસ્ત મોકલવામાં આવે તો તંત્ર અને અરજદારને પરેશાનીઓ તથા સમયનો બચાવ થાય. રાજય સરકારે જીલ્લા કલેકટરશ્ને ૧૧ મુદ્દાઓનું ચેકલીસ્ટ તૈયાર કરી તે પ્રમાણેની અરજી ચકાસીને ત્યારબાદ જ મહેસુલ વિભાગને દરખાસ્ત મોકલવાની સૂચના આપવામાં આવી છે.

આ બાબતે રાજય સરકારે સને ૨૦૦૮ માં તથા ૨૦૧૩ માં પણ સુધારો કરી ચેકલીસ્ટ મોકલેલ પરંતુ તેનો અમલ ૨૦૧૬ સુધીમાં ના થતા તથા અરજદારને અરજીમાં મુશ્કેલીઓ ઉભી થતા ટેકનિકલ, નોન ટેકનિકલ તથા ગણોત તેમજ જમીન મહેસુલના નિયમોના ભંગ થતી અરજી નામંજુર થતા અરજદારોમાં ઉગ્ર રોષ જોવા મળતો તથા જમીનનું ડેવલોપમેન્ટ પણ સમયસર ના થતા જમીનમાં મંદીનું કારણ બનતી તેથી ગુજરાતનો વિકાસ રૂંધાતો હોય ગતિશીલ ગુજરાતના વિકાસ માટે નવી ગાઈડ લાઈન બહાર પાડેલ છે.

# બાલ્યાવસ્થા અને નિવૃત્તિ પછીનો સમય બંને એકસમાન હોય છે




'નિવૃત્ત થયેલાં અમેરિકા વૃદ્ધોનું જ એક અદાયદું ગામ વસેલું છે, તેના પાદરમાં સડક પર પાટિયું મારેલું છે : સાવચેતીથી હાંકો : દાદી-દાદીઓ રમે છે.'

નિવૃત્તિ એટલે જે કામ અર્થોપાર્જન માટે કરવામાં આવતું હોય તેના પર મૂકવામાં આવતું પૂર્ણવિરામ. આમ જોવા જઈએ તો શાળાજીવન, કૉલેજકાળ નોકરી, ધંધો કે વ્યવસાય માટેની સંઘર્ષ, ઘરની અને પરિવારની જવાબદારીઓ અને ત્યારબાદ છેક છેલ્લો પિરિયડ આવે નિવૃત્તિનો. સ્કૂલ, કૉલેજ, નોકરી કે વ્યવસાયમાં ઘરે જવાનો સમય થાય એટલે તરત આપણો સામાન એક નાના બાળકની જેમ ઉત્સાહપૂર્વક સમેટવા લાગીએ છીએ. તો આ જ રીતે જયારે તમામ જવાબદારીઓથી મુક્ત બનીને નિવૃત્ત થઈ જઈને કાયમ ઘરે આરામથી રહેવું એ કેટલી આનંદની બાબત હોય! પણ શું ખરેખર એ આનંદ અનુભવાય છે? એક પ્રકારની હતાશા કે ડર શા માટે અનુભવવા લાગીએ છીએ? હા, કોઈ આર્થિક સમસ્યા કે લાચારીને કારણે નિવૃત્તિ ન લઈ શકીએ તો એ અલગ બાબત છે. પણ સ્વેચ્છાએ આવકારેલી સમયસર મળેલી નિવૃત્તિ બાદ આયોજનપૂર્વક પળેપળને કઈ રીતે માણવી એ શીખવાની જરુર હોય છે.

આપણે હંમેશા લોકોને કહેતા સાંભળ્યા છે કે બાલ્યાવસ્થા અને નિવૃત્તિ પછીનો સમય એ બંને એકસમાન હોય છે. બાળકની જેમ જ સ્વભાવ ચિડચીડિયો થઈ જવો. જીદ્દ કરવી, શરીરની કાળજી રાખવી એવી અનેક બાબતોમાં બાળક અને વડીલને કાળજીપૂર્વક સાચવવા પડે છે. પણ બાળક અને વડીલમાં એક મુખ્ય તફાવત છે સમજણનો. બાળક સાવ અબુધ છે જયારે વૃદ્ધ પરિપક્વ હોય છે. સમજણનો ખજાનો તેમનામાં ઠાંસી-ઠાંસીને જીવન દરમિયાન ભરવામાં આવ્યો હોય છે. એટલે દરેક બાબત અંગે વધુ પડતો વિચાર કરવો એ વૃદ્ધ વ્યક્તિનો સ્વભાવ બની જતો હોય છે. બધું ભૂલીને ફરી એકવાર બાળક જેવા નિશ્ચિંત અને નિર્દોષ બની જઈએ તો જ નિવૃત્ત થવાનો ખરો આનંદ માણી શકાય. જિંદગીમાં આવનાર દરેક દિવસ એક નવા વિચાર, નવા જોશ અને નવા આનંદ સાથે અવતરે તે જ નિવૃત્ત જીવનની સાચી શરુઆત. કવિવર ટાગોર લખે છે તેમ,

'જરા ધારીને જો, તારા જ અંતરમાં
તરુણ સૂર્ય સોનાના પદ્મની કળીની પેઠે, માથું ઊંચું કરીને ઊગે છે,
ધીમે ધીમે પ્રકાશની પાંદડી ચારે બાજુએ ફેલાવવાની તૈયારી
કરે છે - તારા જ અંતરમાં.'

નાના બાળકની જેમ જ નવું નવું શીખીએ, નવા - નવા લોકોને મળીએ, રોજ અવનવી વૃત્તિઓથી સુષુપ્ત થઈ ગયેલી જિજ્ઞાસાને ફરી જાગૃત કરીએ. તોફાન, મસ્તી કે ગાંડપણ એ માત્ર બાળકો જ કરે એવું શા માટે? જયારે પોતાનો ૬૦મો કે ૬૫મો જન્મદિન ઊજવીએ ત્યારે તે જ દિવસે જન્મ લેતા હોઈએ એટલો રોમાંચ પોતાનામાં જાગૃત થતો અનુભવીએ. જીવનના છેલ્લા દસ વર્ષમાં આપણે સંપૂર્ણપણે સભાન હોઈએ તો તેમાંથી એક ક્ષણ પણ ઉદાસ કે નિરાશ થવામાં શા માટે બગાડવી? ઉંમર પ્રમાણે ઘણીવાર શારીરિક તકલીફો આવે તો ખેલદીલીપૂર્વક એનો પણ હસતાં હસતાં સ્વીકાર કરીએ, શ્રી વિનોદ ભટ્ટ લખે છે તેમ,

'જયોતીન્દ્ર દવેએ એક વખત પૂછવામાં આવ્યું : તમારી ઉંમર કેટલી?'

'સિત્તોત્તેર વર્ષ...' ને બોલ્યા.

'ઉંમરના પ્રમાણમાં શરીર સારું કહેવાય, નહીં ?' પૂછનારે પુછ્યું.

'ના, શરીરના પ્રમાણમાં ઉંમર સારી કહેવાય.' તેમણે કહ્યું.

'આવા શરીરે પણ આટલી ઉંમર સુધી પહોંચી શક્યો છું...'



WhatsApp ઑફ ધી વીક
નેહલ ગઢવી

લોકો આપણી સંભાળ રાખે કે ન રાખે, આપણે આપણી સારસંભાળ પોતે જાતે જ સંપૂર્ણ નિષ્ઠાપૂર્વક કરીએ. આજ સુધી જીવનમાં જે કંઈ સારાં-ખોટાં બનાવો બન્યા, સારા-નરસા અનુભવો થયા કે જે કોઈ લોકો આપણા સંબંધમાં આવ્યા તે તમામને જોવાનો એક નવો સકારાત્મક દૃષ્ટિકોણ વિકસાવીએ. ઘણા અનુભવોને કારણે અમુક પરિસ્થિતિ અને અમુક વ્યક્તિ પ્રત્યેની એક ગ્રંથિ આપણા માનસમાં છપાઈ ગઈ હોય છે તેને ભૂલીને બધી પરિસ્થિતિ તેમ જ બધા લોકો મોટા ભાગે પરિવર્તનશીલ જ હોય છે તે સ્વીકારીને આ પ્રકારની ચોક્કસ મનઃસ્થિતિમાંથી બહાર આવીને એક નવો સકારાત્મક દૃષ્ટિકોણ વિકસાવીએ. અને અંતે જિતેન્દ્ર વ્યાસની આ કવિતાને યાદ રાખીએ,

'આંખ તો કશાય કામની નથી, એ મીંચાય કે તરત જ
એમાં ઊગેલાં મેઘધનુષ્યોને, હળવેકથી ઉપાડીને
કોઈ આંખના આકાશમાં લહરાવજો.
હીરનાં ચીરનોય મોહ કયાં હતો કે કફનનો હોય ?
મારાં અંગ ઉપર ઊગેલાં રોમાંચોને
બાગની કોઈ કયારીમાં વાવજો.
કોઈ ફૂલડાને આપજો.
મારી ભવોભવની લેણદાર, તો પુરકન્યકા
નીચી નજર ઢાળી, એણે આપેલાં
કુન્દધવલ સ્મિત, (મારે મન તો મોટી મૂડી)
વિશે મહકતા મૌનથી પૃચ્છા કરે
ત્યારે, તેને મારા ગીતો આપજો.
મારી શ્રુતિમાં પડઘાતા ફૂલોના સૌરભ-ટહુકાઓને
તારલાના મધપૂડા સુધી પહોંચાડજો.
માર છેલ્લા શ્વાસે, ખીલું ખીલું થતી કો પદ્મિનીની સુવાસ
ભરું ને પોઢી જાઉં ત્યારે, 'બે મિનિટનું મૌન' પાળવાને બદલે
હે અભિનવ કોકિલો, આમ્રમંજરીના આસ્વાદથી મ્હેકતા કંઠે
તમે, ગાજો ગાજો ગાજો.'

- જિતેન્દ્ર કા. વ્યાસ

- nehalgadhavi101@gmail.com

# સંઘ-સાવરકરના કલહને છોડી સુરાજ્ય લાવીએ



અતિતની આજ
ડૉ. હરિ દેસાઈ

ઈતિહાસના નામે કાદવઉછાળ કામગીરી રાજકારણમાં ફાટફાટ થઈ રહી છે : રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી અને પ્રથમ વડા પ્રધાન જવાહરલાલ નેહરુ તેમના રાજકીય વિરોધી ડા.રામમનોહર લોહિયા જેવા સદગત નેતાઓથી લઈને હયાત એવા પૂર્વ વડા પ્રધાન અટલ બિહારી વાજપેયી અને તેમની સરકારમાં પ્રધાન રહેલા જ્યાર્જ ફર્નાંડીસ સહિતના રાજનેતાઓના મહિલાઓ સાથેના આડાઅવળા સંબંધોને ચોકમાં લાવી દેવાયા છે. છેલ્લા કેટલાય દાયકાઓથી રોજેરોજ મહાત્મા ગાંધીના નામ અને વિચારની હત્યા કરનારા રાજકીય શાસકો હજુ આજે પણ રાષ્ટ્રપિતા ગાંધીજીનો કેડો છોડતા નથી. કોંગ્રેસના સર્વેસર્વા એવા મોહનદાસ કરમચંદ ગાંધીજીને નામે કાંગ્રેસ થકી ભારત પર દાયકાઓ સુધી શાસન કરવામાં આવ્યું. ગાંધીજી અને એમના પટ્ટશિષ્ય એવા સરદાર પટેલના તો આઝાદીનાં પ્રારંભિક વર્ષોમાં જ જીવનલીલા સંકેલવાના સંજાગો સર્જાયા પછી પંડિત જવાહરલાલ નેહરુના પરિવારની આસપાસ કાંગ્રેસી નેતૃત્વ અને સત્તાનાં કેન્દ્ર ફેરફૂદડી ફરતાં રહ્યાં. છેક ૧૮૮૫માં સ્થપાયેલી એટલું જ નહીં, અંગ્રેજ શાસકોની ગુલામીની જંજીરો તોડવામાં નેતૃત્વ પૂરું પાડનાર આ રાજકીય પક્ષે આઝાદી પછીના સત્તાકાળમાં રોજેરોજ ગાંધી-સરદારના વિચાર અને આદર્શોથી વિપરીત આચરણ કરીને એમના આત્માને કાયમ કણસતો રાખ્યો છે.

આનાથી વિપરીત કાંગ્રેસ ભણી ભાંડણલીલા ચલાવનારા ભાજપ, સામ્યવાદી સહિતના પક્ષોએ પણ જે આદર્શોની વાતો કરી, ભારતના ભવ્ય ભૂતકાળની વાતો ગજવી એ પછી સત્તા હાથમાં લાગી ત્યારે એ જ કાંગ્રેસી મારગને વહાલો કરીને ગાંધી-નેહરુ -સરદારની ત્રિપુટીએ સાથે મળીને જે સ્વપ્નો સાકાર કરવા માટે આઝાદીની લડત ચલાવી હતી એ સ્વપ્નોના સુરાજ્યને બદલે વાતોનાં વડાં જ કરવાનું પસંદ કર્યું. બધા ગાંધીજી કે સરદાર પટેલના નામને વટાવે છે જરૂર, પણ એમનાં આચરણ કરવાને બદલે તેઓ તો સ્વકેન્દ્રી જ રહ્યા છે. પ્રજા ઠેરની ઠેર રહી હોવાની અનુભૂતિને કારણે ૧૯૪૭માં અંગ્રેજ શાસકોની વિદાય પછી છ-સાત દાયકા વીત્યા પછી ય સ્વરાજ હજુ સુરાજ્યમાં પરિવર્તિત થતું લાગતું નથી.

આજના તબક્કે નેહરુ ખાનદાનના વંશજાની પાર્ટી ગણાતી કાંગ્રેસ દેશ પર સત્તા ગુમાવી બેઠી છે. રાજ્યોમાં પણ બહુમતી રાજ્યોમાં બિન-કાંગ્રેસી સરકારો જાવા મળે છે. એક બાજુ કાંગ્રેસીનેતા ડા.કેશવ બલિરામ હેડગેવાર સંસ્થાપિત રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ) પ્રત્યે નિષ્ઠા ધરાવતી ભારતીય જનતા પાર્ટીના વડા પ્રધાન બનેલા નરેન્દ્ર મોદી 'કાંગ્રેસમુક્ત ભારત'ની ગર્જના કરે છે અને બીજી બાજુ કાંગ્રેસી નેતાઓને ભાજપ સાથે જાડીને પક્ષને 'કાંગ્રેસયુક્ત ભાજપ' બનાવી સત્તાપ્રાપ્તિ સુધીની સઘળી મજલ કાપવામાં રમમાણ છે.

લોકશાહી રાષ્ટ્ર ભારતની સંસદીય લોકશાહી પદ્ધતિમાં રાજકીય પક્ષોનું સત્તારૂઢ થવું અને વિપક્ષમાં બેસવું એ કોઈ નવી નવાઈની વાત નથી, પરંતુ સત્તાકાંક્ષી રાજકીય પક્ષો સત્તા હાંસલ કરવા માટે ચૂંટણીમાં દેશ કે રાજ્યના કલ્યાણ માટે કેવી કેવી યોજનાઓ અમલમાં લાવશે, ભ્રષ્ટાચાર કઈ રીતે નાબૂદ કરશે, ગુનાખોરી કઈ રીતે ડામશે, પ્રજાનું કલ્યાણ કઈ રીતે કરશે, એવી સઘળી બાબતોની ગંભીરતા દર્શાવવાને બદલે માત્ર હલકારા અને દેકારામાં જ રમમાણ રહે છે. પાંચ વર્ષ પછી પ્રજાના મત માગવા જવાનો વખત આવે ત્યારે કામનો હિસાબ આપવાને બદલે મનસ્વી રીતે, નાત-જાત અને કોમી જાડાણોના અશ્લીલ કહી શકાય એટલી હદના દેખાડા કરીને પ્રજાને પોતાના ભણી ખેંચવાના પ્રયાસ કરે છે.

ચૂંટણીના દિવસોમાં પક્ષના ખર્ચે જ નહીં, પ્રત્યેક સરકારી સમારંભોમાં મર્યાદા છોડીને એ પ્રજાના પૈસે યોજાતા કાર્યક્રમોનો રાજકીય મંચ તરીકે ઉપયોગ કરીને બેફામ વાણીવિલાસ દર્શાવે છે. કમનસીબી એ વાતની છે કે તમામ રાજકીય પક્ષો બાહુબલિઓ કે મસલ પાવરના જારે પોતાની નૈયાને હંકારવાનું પસંદ કરે છે, એટલે પ્રજામાં એક પ્રકારનો ખોફ કે લાલચનો ભાવ જાવા મળે છે. પ્રજાના વાસ્તવિક કલ્યાણની યોજનાઓના રોડમેપ કે હિસાબને બદલે જેને જે ફાવે તેવી ભાષામાં પ્રજાને પોતાના ભણી આકર્ષવાના ખેલ ખેલાય છે. નામ સંસદીય લોકશાહી છે, પરંતુ સંસદીય ભાષા વાપરીને પ્રજા સમક્ષ સત્ય ઉચ્ચારવાની મર્યાદાનું પાલન કરવાની વાત કાયમ તમામ પક્ષના નેતાઓ થકી લોપાય છે. કમનસીબી એ વાતની છે કે તમામ પક્ષોનાં નિવેદનો કે આક્ષેપબાજી સમાન પ્રકારની હોય છે. એટલું જ નહીં, જુઠ્ઠાણાં ઓકવામાં ભાગ્યે જ કોઈ લાજશરમની અનુભૂતિ કરીને જુઠ્ઠાણું ચલાવનારાઓને પડકારવા જેવા સંજાગ પણ અહીં લોપ પામતા જાવા મળે છે.

છેલ્લા ઘણા મહિનાઓથી ચૂંટણી સભાઓથી લઈને અદાલતી કાર્યવાહી લગી મહાત્મા ગાંધી હત્યા પ્રકરણને નામે જે પ્રકારનો કાદવઉછાળ ચાલી રહ્યો છે એ જાતાં પ્રજાને વર્તમાન અને ભવિષ્યનાં આયોજનો કે સુશાસનોની વાત કરવાને બદલે ઈતિહાસમાં જ ગોંધી રાખવાની જાણે કે કોશિશો થઈ રહી છે. મહારાષ્ટ્રના ભિવંડી નગરમાં જનસભાને સંબોધતાં કાંગ્રેસના ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીએ મહાત્મા ગાંધીની હત્યા પાછળ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘનો હાથ હોવા સંબંધી વાત છેડીને છેક સુપ્રીમ કોર્ટ સુધી આ મામલાને આજે ય ગાજતો રાખ્યો છે.

સંઘ પરિવાર અને કાંગ્રેસ પરિવાર વચ્ચેની આ જુગલબંધી ઈતિહાસનો હિસ્સો છે. ઐતિહાસિક અભ્યાસકો માટે આ રસનો વિષય હોઈ શકે, પણ આ મુદ્દાને નામે સંઘ-ભાજપ વિરુદ્ધ કોંગ્રેસ-કોમ્યુનિસ્ટ રાજકારણ ખેલાતું રહે છે. વચ્ચે રાહુલ ગાંધીએ કહ્યું કે સંઘ નહીં, પણ સંઘના કેટલાક લોકોનું એ કાવતરું હતું. સામે પક્ષે એનો પ્રતિવાદ કરવામાં આવે છે. સરદાર પટેલના પત્રોને અડધાપડધા ટાંકવામાં આવે છે. અદાલતોએ સંઘને નિર્દોષ જાહેર કર્યાની વાતને આગળ કરાય છે. વળી ક?યાંકથી સાવરકરવાળું હિંદુ મહાસભાનું જૂથ ગાંધીજીની હત્યા માટે જવાબદાર હોવાનું સરદાર પટેલના પત્રમાંથી ઉપસતું તથ્ય પ્રગટ થાય છે તો ઈતિહાસકાર ડા.શેષરાવ મોરે સાવરકરને નિર્દોષ જાહેર કરાવવા માટે તેમના સગાં-સંબંધી અદાલતે જાય એવો આગ્રહ રાખે છે. પાછા ખાનગીમાં કહી પણ દે કે મુંબઈના સાવરકર સંસ્થાનના સૂત્રધાર એવા સાવરકરના વંશજને એ કરવામાં રસ નથી લાગતો.

ભાજપ હોય કે કાંગ્રેસ, તેના વરિષ્ઠ નેતા ભારતમાં સ્વરાજ પછી સાચા અર્થમાં સુરાજ્ય લાવવાનો રોડમેપ રજૂ કરવાને બદલે પ્રજાને આવા ઈતિહાસના સાચાં-ખોટાં તારણો રજૂ કરીને લડાવી મારે છે. લોકશાહી બધાને પોતાનો મત રજૂ કરવાનો અધિકાર જરૂર બક્ષે છે. પણ મત પાછળના સત્યો કે અર્ધસત્યો રજૂ કરીને પ્રજામાં ઉશ્કેરાટ સર્જીને ચૂંટણી જીતવાના પ્રયાસો કે પ્રજામાં ઉન્માદ પ્રસરાવવા માટેનું તો યોગ્ય નથી જ નથી. ગાંધીજીની હત્યા ૩૦ જાન્યુઆરી ૧૯૪૮ના રોજ થઈ હતી. એ પછી એમના હત્યારા નથુરામ ગોડસેને ફાંસીએ ચડાવાયો હતો. નથુરામના ભાઈ ગોપાલ ગોડસેને પણ ઘણાં વર્ષની જેલ થઈ હતી. એમનો પરિવાર સંઘ અને હિંદુ મહાસભા સાથે જાડાયેલો હતો, પણ આજે ૬૮ વર્ષ પછી એ પોપડાં ઉખેડવાનાં રાજકારણ ખેલવાનો અર્થ શો? ઈતિહાસનાં તથ્યોનાં નીરક્ષીર કરવાનું કામ સંશોધકોને પૂરતી મોકળાશ બક્ષીને કામ કરવા દઈ તેમના પર છોડવાની જરૂર ખરી. ઈતિહાસને પોતાની અનુકૂળતા મુજબ પ્રજા સમક્ષ લાવી ચૂંટણીસભાઓ ગજવીને મતનો મોલ લણી લેવાના રાજનેતાઓના ઈરાદા સ્પષ્ટ હોય છે.ખરા અર્થમાં તો પ્રજાને મૂરખ બનાવી, ગેરમાર્ગે દોરી, દેશની સમસ્યાઓ ભણીથી એનું ધ્યાન અન્યત્ર હટાવી દેવાનો જ આ ખેલ છે.